ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૧૩૩ તા. ૦૩-૦૨-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ઈન્વેસ્ટમેન્ટની રીતે ઓએનજીસીમાં ખૂબ સુંદર રિટર્ન

ગયા અઠવાડિયે **ટેક મહિન્દ્રા**ના શેરમાં કમાવાની વાત કરી હતી અને તે વખતે રૂ. ૫૫૩વાળો ટેક મહિન્દ્રાનો શેર અત્યારે તોતિંગ ઉછાળા સાથે રૂ. ૫૯૮ ઉપર આવી ગયો છે અને તે રીતે રૂ. ૫૮૦નું લક્ષ્યાંક પણ આ શેરે કૂદાવી દીધું છે. ટેક મહિન્દ્રામાં નવા અઠવાડિયામાં રૂ. ૬૦૦ પ્લસ થાય ત્યારે થોડુંક પ્રોફીટ બુકીંગ કરી દેવાય.

તેવી જ રીતે **લાર્સન એન્ડ ટુબ્રો**ના શેરમાં પણ ઝડપી ઉછાળાની વાત ગયા અંકમાં કરી હતી અને ગયા અઠવાડિયે રૂ. ૧૩૨૪થી વધીને લાર્સન રૂ. ૧૩૭૧ ઉપર આવી ગયો હતો અને ગયા અઠવાડિયે રૂ. ૧૪૧૫નું લક્ષ્યાંક આપેલું અને તે મુજબ લાર્સનનો શેર અત્યારે રૂ. ૧૪૧૬.૫૦ ઉપર આવી ગયો છે અને નવા અઠવાડિયાની શરૂઆતમાં થોડુંક પ્રોફીટ બુકીંગ આવ્યા પછી બજેટ પછીના ઉછાળે લાર્સનનો શેર વધારે ઝડપથી ઉંચકાય તેવી ગણતરી છે.

તેવી જ રીતે ગયા અંકમાં **ટાટા સ્ટીલ**નો શેર પણ કવર કરવાનું કહ્યું હતું અને વાસ્તવમાં ગયા અઠવાડિયે ટાટા સ્ટીલ રૂ. ૭૭૧થી ઘટીને રૂ. ૭૫૩ થયો હોવા છતાં જાળવી રાખજો તેમ દર્શાવેલું. ટાટા સ્ટીલ રૂ. ૭૭૧ ટચ થઈને અત્યારે રૂ. ૭૬૯ બંધ આવ્યો છે અને નવા અઠવાડિયે આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૭૭૫ અને તે પછી થોડાં અઠવાડિયામાં રૂ. ૭૯૭-૮૦૦નો ભાવ આવવાની ગણતરી છે.

તેવી જ રીતે **અદાણીપોર્ટ** પણ જાળવી રાખવાનું કહ્યું હતું અને તે મુજબ અદાણીપોર્ટનો શેર રૂ. ૪૩૩થી વધીને રૂ. ૪૩૬.૫૦ થયો છે અને આ શેર હજી મજબૂત તેજીમાં છે. ગયા અઠવાડિયે અદાણીપોર્ટના શેર માટે રૂ. ૪૬૦નો ભાવ થોડાં અઠવાડિયા પછી જોવાશે તેમ કહ્યું હતું અને તે લક્ષ્યાંક જાળવી રાખીએ છીએ.

જૈન ઈરિગેશનનો શેર સતત લેવડાવીએ છીએ

એક્સિસ બેન્કના શેરમાં પણ ગયા અઠવાડિયે રૂ. ૫૯૦ના ભાવે લઈ લેવાની વાત કરેલી અને સાથે સાથે દીપિકા પાદુકોણનો ફોટો પણ આપેલો અને રૂ. ૬૧૦-૬૨૦નું લક્ષ્યાંક અત્યારે ટચ થઈ ગયું છે. રૂ. ૬૨૦નું ઈન્ટ્રા ડે ટોપ બતાવીને એક્સિસનો શેર અત્યારે રૂ. ૬૧૬ ઉપર છે અને નવા અઠવાડિયામાં આ શેરમાં ઝડપી ઉછાળા સાથે રૂ. ૬૨૪ અને તે પછીના થોડાં અઠવાડિયામાં રૂ. ૬૫૦-૬૫૫નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ એંગલથી ગયા અંકમાં **એચડીએફસી બેન્ક**નો શેર લેવાની વાત કરેલી અને ગયા અઠવાડિયે એચડીએફસી બેન્ક રૂ. ૧૯૫૨ ઉપર હતો અને અત્યારે રૂ. ૧૯૭૫ ઉપર છે. આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૯૮૬ અને તે પછીના ઉછાળે રૂ. ૨૦૨૫નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

ગયા અંકમાં રૂ. ૩૪૯વાળા **યસ બેન્ક**ના શેરમાં રૂ. ૩૭૦ના ભાવની ગણતરી દર્શાવેલી. યસ બેન્ક અત્યારે રૂ. ૩૬૨ ઉપર તો આવી ગયો છે અને આગામી દિવસોમાં યસ બેન્કના શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૩૮૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે પણ યસ બેન્કનો શેર જાળવી શકાય.

તેવી જ રીતે **વિપ્રો**ના શેરમાં ઉછાળાનો સંકેત આપેલો. ગયા અઠવાડિયે વિપ્રો રૂ. ૩૨૯ ઉપર હતો. પરંતુ કરેક્શન સાથે રૂ. ૩૧૨ ઉપર આવ્યો છે અને તે શેરમાં રોકાણ જાળવી શકાય.

સામે પક્ષે **એચસીએલ ટેકનોલોજી**નો શેર રૂ. ૯૫૮ ઉપરથી વધીને તેમાં આંકડાની અદલાબદલી સાથે રૂ. ૯૮૫નો ભાવ આવવાની સંભાવના દર્શાવેલી પરંતુ તે લક્ષ્યાંક કૂદાવીને એચસીએલ ટેકનોલોજીનો શેર અત્યારે રૂ. ૧૦૧૦ ઉપર આવી ગયો છે અને આ શેરમાં રોકાણ હજી થોડી સેશન જાળવી શકાય.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ હવે **આઈટીસી**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે. આઈટીસી અત્યારે રૂ. ૨૮૧ ઉપર છે અને આ વખતના બજેટમાં આઈટીસીમાં નવા મોટા બોજાની સંભાવના નથી દેખાતી અને તે બાબત આડકતરી રીતે પોઝિટીવ રહેશે. આગામી થોડી સેશનોમાં આ શેરમાં રૂ. ૨૯૦નો ભાવ જોવા મળવાની સંભાવના છે.

ઘણાં લાંબા સમય પછી **કોલઈન્ડિયા**નો શેર ખૂબ સુંદર તેજીમાં દાખલ થયો છે. અત્યારે રૂ. ૨૯૯ ઉપર છે અને આગામી દિવસોમાં કોલઈન્ડિયાના શેરમાં સુંદર વૃદ્ધિ સાથે રૂ. ૩૧૫નો ભાવ જોવા મળવાની ગણતરી.

તેવી જ રીતે **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ**નો શેર ૨ અંક પહેલાં પણ લઈ લેવાનું કહ્યું હતું. ઈન્ડિયાબુલ્સ અત્યારે રૂ. ૧૩૯૪ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૪૫૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

રૂ. ૩૧૨૧ ઉપર આવી ગયેલા **ટીસીએસ**ના શેરમાં પણ રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં આ શેરમાં આંકડાની અદલાબદલી થાય અને રૂ. ૩૨૧૧નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે અને તેથી તેને ધ્યાનમાં રાખવો.

આઈસીઆઈસીઆઈ બેન્ક અત્યારે રૂ. ૨૬૦.૮૦ તો આવી ગયો છે. ડિસેમ્બર ક્વાર્ટરના આંકડાઓ કંઈક સંતોષકારક આવવાને કારણે આ શેરમાં સુંદર વૃદ્ધિ શરૂ થઈ ગઈ છે અને આગામી દિવસોમાં આ શેર રૂ. ૩૭૦ અને તે પછી રૂ. ૩૮૮ બતાવે તેવી ગણતરી છે.

રૂ. ૯૫૦ના ભાવે **લ્યુપિન**ના શેરમાં સુંદર ઉછાળાની શરૂઆત છે. ફંડામેન્ટલ રીતે તો લ્યુપિન ખૂબ જોરદાર ફાર્મા કંપની છે અને આગામી દિવસોમાં આ શેર રૂ. ૯૫૦થી ઉંચકાઈને રૂ. ૧૦૦૫ ઉપર આવી જવાની શોર્ટટર્મ ખેલાડીઓની સંભાવના મજબૂત છે.

રૂ. ૧૧૭૫ ઉપરની **ઈન્ફોસિસ**માં હજી નાનો ઉછાળો બાકી છે અને એક વખત રૂ. ૧૨૦૦ ટચ થઈ જાય તે પછી આ શેરમાં પ્રોફીટ બુકીંગ શરૂ કરી શકાય.

એચડીએફસી બેન્ક પણ આ ભાવે ખૂબ જ આકર્ષક લાગે છે અને આ વખતના બજેટમાં કિફાયતી હાઉસિંગને પ્રોત્સાહનો મળે અને તેનો સુંદર ફાયદો એચડીએફસી લઈ જાય તે સંભાવના છે. અત્યારે રૂ. ૧૯૦૮ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૯૮૦નો ભાવ જોવા મળે તોપણ નવાઈ નહીં લાગે.

ઓએનજીસી અત્યારે રૂ. ૨૦૮ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં ઓએનજીસીના શેરમાં ધીમા પણ મજબૂત સુધારા સાથે રૂ. ૨૧૮નો ભાવ જોવા મળવાની ગણતરી. પરંતુ લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે ઓએનજીસીમાં ખૂબ સુંદર રિટર્ન મળે છે.



ઈન્ડસઈન્ડ બેન્કનો શેર છેલ્લાં ઘણાં અઠવાડિયાથી લેવડાવીએ છીએ. ઈન્ડસઈન્ડ અત્યારે રૂ. ૧૭૩૦ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ઝડપથી રૂ. ૧૦૦ ઉમેરાઈ જવાની ગણતરી.

રૂ. ૨૫૦૮ના ભાવે **ડો. રેડ્ડીઝ**ના શેરમાં પણ આકર્ષણ વધી રહ્યું છે અને આગામી દિવસોમાં આ શેર ઝડપથી રૂ. ૨૫૭૦ ઉપર આવી જવાની સંભાવના છે.

આ વખતની બજારની તેજી હવે **રિલાયન્સ**ની આગેવાની હેઠળ આગળ વધે તેમ સ્પષ્ટી રીતે દેખાય છે. રિલાયન્સ અત્યારે રૂ. ૯૬૬ ઉપર છે અને આ શેર લાંબી તેજીમાં દાખલ થયો છે અને તેથી થોડાં મહિના જાળવવાની તૈયારી સાથે યથાશક્તિ રિલાયન્સ લઈ શકાય.

યુપીએલનો શેર અત્યારે ઘટીને રૂ. ૭૬૭ ઉપર આવી ગયો છે. ગયા અઠવાડિયે પણ યુપીએલના શેરમાં લેવાની વાત કરેલી અને તે વખતે યુપીએલ રૂ. ૮૦૨ ઉપર હતો. ગયા અઠવાડિયા દરમિયાનના ઘટાડાને કારણે વધારે આકર્ષક બન્યો છે અને તેમાં રોકાણ જાળવી શકાય.

તેવી જ રીતે રૂ. ૩૩૧૨ ઉપર આવી ગયેલા **બજાજ ઓટો**માં લાંબી તેજી ડ્યુ છે અને રૂ. ૧૦૦ ક્યારે વધી જશે તે પણ ખબર નહીં પડે. જ્યારે રૂ. ૬૨૧ ઉપરની **સિપ્લા**નો શેર પણ આગામી દિવસોમાં ઝડપથી રૂ. ૬૫૭ થઈ જવાની સંભાવના મજબૂત છે.

સનફાર્માના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ. ૫૮૦ના ભાવે મળી રહેલા સનફાર્મામાં એકદમ ધીમા સુધારા સાથે રૂ. ૬૦૦ પ્લસનો ભાવ આવવાની ગણતરી.ગયા અઠવાડિયે **બાયોકોન**ના શેરમાં સુંદર કમાણી મળશે તેવો સંકેત આપ્યો હતો. બાયોકોન ગયા અઠવાડિયે રૂ. ૫૬૯ ઉપર હતો અને તેમાં રૂ. ૫૯૬ના ભાવની સંભાવના અને તે પછીના ઉછાળે રૂ. ૬૨૪ના ભાવની સંભાવના દર્શાવી હતી અને તે મુજબ બાયોકોન અત્યારે રૂ. ૬૦૭ ઉપર તો આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેર રૂ. ૬૨૪નું અગાઉનું લક્ષ્યાંક કૂદાવીને રૂ. ૬૪૩ થાય તેવી ગણતરી છે. શોર્ટટર્મ માટે થોડાંક શેરો લઈ શકાય.

તેવી જ રીતે છેલ્લાં થોડાંક અંકથી **જૈન ઈરિગેશન**નો શેર સતત લેવડાવીએ છીએ. ગયા અંક વખતે જૈન ઈરિગેશન રૂ. ૧૩૬ ઉપર હતો અને અત્યારે વધીને રૂ. ૧૪૫.૬૦ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં બજેટની પ્રોત્સાહક જોગવાઈઓનો સપોર્ટ મળી જતાં આ શેરમાં રૂ. ૧૫૩નો ભાવ આવી જવાની ગણતરી છે.

તેવી જ રીતે **જેએસડબલ્યુ સ્ટીલ** પણ ઝડપથી વધશે તેવો સંકેત આપેલો. અત્યારે રૂ. ૨૯૧ ઉપર આવી ગયેલા જેએસડબલ્યુ સ્ટીલના શેરમાં શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ વધતું ગયું છે અને સુંદર વોલ્યુમ સાથે આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૨૯૬ અને તે પછીના ઉછાળે રૂ. ૩૧૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

ગયા અંકમાં **આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલ લાઈફ**ના શેરમાં પણ ઉછાળાની વાત કરી હતી અને ગયા અઠવાડિયે આઈસીઆઈસીઆઈ પ્રૂ લાઈફનો શેર રૂ. ૪૩૦ ઉપર હતો અને અત્યારે પણ બેતરફી વધઘટ સાથે રૂ. ૪૩૦ ઉપર જ મળી રહ્યો છે. તેમ છતાં આગામી દિવસોમાં આ શેર ઝડપથી વધીને રૂ. ૪૫૫ ઉપર આવવાની ગણતરી છે.

શાંસ ચિંટ મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસં,
અકળંમણ, ગુસ્દેં તૂર કરે સે મંટે વૈજ્ઞનિક ઢબે સૈચંર
થૅસુ ક્રૅંદવર્ડ મેગેઝીન
મગજમારી ભેજામારી
નિવૃંટ લેંકેં, ગૃહિણીએં, બંળકેં,
ચંલીદીમાં પ્રવેશી ચૂકેલંએં મંટે
બેસ્ટ
તર બુધવંરે, કેંપી બુક કરવેં

હેવલ્સના શેર પણ છેલ્લાં ઘણાં અઠવાડિયાથી કવર કરાવીએ છીએ અને પરિણામોના સુંદર સપોર્ટને કારણે આગામી દિવસોમાં રૂ. ૫૮૦વાળો હેવલ્સ ઝડપથી રૂ. ૬૧૫ ઉપર આવી જવાની સંભાવના મજબૂત છે.

ગયા અઠવાડિયે **કન્ટેનર કોર્પોરેશન**ના શેરમાં પણ ઉછાળાની ગણતરી દર્શાવેલી. પરંતુ કન્ટેનર કોર્પોરેશન રૂ. ૧૪૭૪થી ઘટીને અત્યારે રૂ. ૧૪૪૦ ઉપર આવ્યો છે. રોકાણ જાળવી રખાય અને આ શેરમાં આગામી દિવસોમાં રૂ. ૫૦-૭૦ના ઝડપી ઉછાળાની જગ્યા છે.

ગ્લેનમાર્ક ફાર્મા અત્યારે રૂ. ૬૩૪ ઉપર છે અને શોર્ટટર્મમાં જ તેમાં રૂ. ૬૪૩ અને તે પછી રૂ. ૬૫૩નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે.

ગોદરેજ કન્ઝ્યુમર પણ ગયા અઠવાડિયે લઈ લેવાનું કહ્યું હતું. રૂ. ૧૦૫૧ ઉપર હતો અને અત્યારે વધીને રૂ. ૧૦૭૫ ઉપર આવ્યો છે.

ઓઈલ ઈન્ડિયાનો શેર પણ હવે નવી તેજીમાં દાખલ થયો છે. અત્યારે રૂ. ૩૮૨ ઉપર છે અને આ શેરમાં આગામી દિવસોમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૩૮૬-૩૯૨નો ભાવ આવવાની ગણતરી છે અને તે પછીના ઉછાળે આ શેરમાં રૂ. ૪૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી.

ટાઈટનમાં છેલ્લી થોડી સેશનો દરમિયાન પ્રોફીટ બુકીંગ જોવાયું અને શેર રૂ. ૮૮૪ ઉપર આવ્યો છે. લોંગટર્મની રીતે જાળવી રાખવો ખોટો નથી. બાકી થોડી સેશન હજી નબળાઈ રહેવાની ગણતરી.

રૂ. ૧૦૩ના ભાવે **ભેલ**ના શેરમાં જોરદાર આકર્ષણ શરૂ થઈ ગયું છે અને આગામી દિવસોમાં આ શેર ધીમા સુધારા સાથે આંકડાની અદલાબદલી કરે અને રૂ. ૧૩૦નો ભાવ બતાવે તેવી ગણતરી છે.

ઈન્ટરગ્લોબ એવિએશનનો શેર પણ સારા પરિણામોની અપેક્ષાએ તેજીતરફી થયો છે. અત્યારે રૂ. ૧૨૩૮ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૦૦ વધી જવાની સંભાવના દેખાય છે. જ્યારે રૂ. ૧૬૫૯ ઉપર આવી ગયેલા **એબીબી**ના શેરમાં હવે પ્રોફીટ બુકીંગ શરૂ કરી શકાય. છેલ્લાં થોડાં સમયમાં આ શેરે ખૂબ સુંદર રિટર્ન આપી દીધું છે.

સામે પક્ષે **જિંદાલ સ્ટીલ એન્ડ પાવર** અત્યારે વધીને રૂ. ૨૮૦ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં જિંદાલ સ્ટીલ એન્ડ પાવરના શેરમાં નવા તોતિંગ ઉછાળા સાથે રૂ. ૨૯૦ અને તે પછી રૂ. ૩૧૦નો ભાવ આવવાની ગણતરી છે.

આઈએફસીઆઈ અત્યારે રૂ. ૩૦.૭૫ ઉપર છે અને તે શેરમાં પણ પોઝિટીવ સમાચારના સપોર્ટ સાથે રૂ. ૩૩નો ભાવ આવવાની ગણતરી છે. જ્યારે **આઈડીબીઆઈ** રૂ. ૬૫ ઉપર છે અને આ શેરમાં પણ આગામી દિવસોમાં ધીરે ધીરે રૂ. ૬૮ અને તે પછી રૂ. ૭૦નો ભાવ બેસે છે.

આઈઆરબી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કવર કરવાનું છેલ્લાં ઘણાં સમયથી લખીએ છીએ. અત્યારે રૂ. ૨૪૪ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં બજેટને કારણે જોરદાર ફેન્સી ઉભી થવાની ગણતરી છે. ઝડપી વૃદ્ધિ સાથે આ શેરમાં રૂ. ૨૫૨-૨૬૨નો ભાવ થોડાં અઠવાડિયામાં ડ્યુ છે.

સન ટીવીનો શેર છેલ્લાં થોડાં અઠવાડિયાથી લેવડાવતા હતા અને રાજકારણની રીતે સન ટીવીના પ્રમોટરોનો પક્ષ અને ભારતીય જનતાપાર્ટી હાથ મિલાવી દે તે સંભાવના દર્શાવેલી. સન ટીવી અત્યારે રૂ. ૧૦૩૪ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૦૫૪નો ભાવ આવવાની સંભાવના દેખાય છે.

રૂ. ૨૨ ઉપર આવી ગયેલા **જયપ્રકાશ એસોસિએટ્સ**ના શેરમાં ધીરે ધીરે લેવાલી વધતી જાય છે. અત્યારે સરેરાશ ૭ કરોડ શેરોનું વોલ્યુમ થઈ રહ્યું છે અને આ શેરમાં આગામી દિવસોમાં સુંદર વૃદ્ધિની ગણતરી. નાનું રોકાણ કરી શકાય. જ્યારે રૂ. ૧૨૨ ઉપર આવી ગયેલા **અશોક લેલેન્ડ**ના શેરમાં પણ બજેટનો મોટો ફાયદો જોવા મળવાની ગણતરી છે. કોમર્શિયલ વાહનોને આડકતરો ફાયદો મળવાની સંભાવના. આ ઉપરાંત જૂની ટ્રક ઉપર અંકુશો વધશે અને તેનો પણ આડકતરો ફાયદો અશોક લેલેન્ડ ઉપર દેખાશે અને તેથી રૂ. ૧૨૨વાળા આ શેરમાં રોકાણ જાળવી શકાય.

રિલાયન્સ પાવર અત્યારે રૂ. ૪૭.૧૫ ઉપર છે અને તે શેરમાં ખાસ કોઈ જ આકર્ષણ નથી દેખાતું અને તેવી જ રીતે શોર્ટટર્મ એંગલથી **અદાણી પાવર**ના શેરમાં ફેન્સી ઘટી ગઈ છે તેથી તે શેરથી દૂર રહેવું હાલના તબક્કે સલાહભરેલ.

રૂ. ૧૩૪૦ ઉપર આવી ગયેલા **એલએન્ડટી ટેકનોલોજી સર્વિસ**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે અને નજીકના દિવસોમાં જ રૂ. ૫૦ વધી જવાની ગણતરી છે.

ગયા અઠવાડિયે **ઓમેક્સ ઓટો**નો શેર રૂ. ૧૧૯ના ભાવે કવર કરવાનું દર્શાવ્યું હતું અને ઓમેક્સ ઓટોમાં રૂ. ૧૩૮નું લક્ષ્યાંક આપેલું. પણ ઓમેક્સ ઓટોએ વિરાટ કોહલીની જેમ બરાબર ફટકાબાજી કરી નાંખી. અત્યારે રૂ. ૨૦૩ ઉપર આવી ગયો છે અને વધારે લાલચ રાખ્યા વગર ઉતાવળે પ્રોફીટ બુકીંગ શરૂ કરી દેવું.

તેવી જ રીતે રૂ. ૯૧૪ ઉપર આવી ગયેલા **એનઆઈઆઈટી ટેકનોલોજી**ના શેરમાં પણ પ્રોફીટ બુકીંગ શરૂ કરી શકાય.

રૂ. ૨૩.૨૦ના ભાવે **હોટલ લીલા**નો શેર એકદમ મફત છે. અગાઉ ઓરિએન્ટલ હોટલનો શેર આવી જ રીતે લેવડાવ્યો હતો અને તેણે સુંદર રિટર્ન આપ્યું છે. રૂ. ૨૩.૨૦વાળા હોટલ લીલાના શેરમાં પણ આગામી

- **બજાજ ઓટો,** કાર અને કોમર્શિયલ વાહનોના ઉત્પાદકોએ સોલિડ સમય જોયો. પરંતુ ટુ વ્હીલર કંપનીઓ માટે હજી સારો સમય બાકી છે. છેલ્લાં ૨ વર્ષના જોરદાર ચોમાસા અને ગયા બજેટમાં ગ્રામ્ય એલોકેશનમાંની વૃદ્ધિનો ફાયદો ટુ વ્હીલર ઉદ્યોગને હવે મળશે અને આગામી મહિનાઓમાં વેચાણોમાં સુંદર વૃદ્ધિની જગ્યા. રૂ. ૩૩૩૩ના ભાવે શેર આકર્ષક. વધારે નહીં તો ૨ કે ૪ શેર લઈને મૂકી દો અને આગામી દિવસોમાં રૂ. ૩૬૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.
- **ઓઈલ ઈન્ડિયા,** ભારત સરકારની કંપની અને ઓએનજીસીની જેમ શારકામના બિઝનેસમાં મોટું નામ. ઘણાં સમયથી આ શેર કવર કરાવીએ છીએ. રૂ. ૨૫૮થી વધીને તાજેતરમાં રૂ. ૩૮૯ થયા પછી અત્યારે રૂ. ૩૭૯ ઉપર આવી ગયો છે. ક્રૂડ વધ્યું હોવાને કારણે નફાશક્તિ ઉંચકાશે અને અત્યારનો ટ્રેન્ડ જોતાં વાર્ષિક ધોરણે રૂ. ૨૬ની શેર દીઠ કમાણી મળવાની સંભાવના મજબૂત છે. રોકાણ જાળવી રખાય.
- **પીએનબી હાઉસિંગ,** ડિસેમ્બર ક્વાર્ટરમાં આ સરકારી હાઉસિંગ ફિનાન્સ કંપનીએ ખૂબ સુંદર પરિણામો આપ્યા. રૂ. ૨૧૭ કરોડનો નફો અને રૂ. ૧૩ની શેર દીઠ કમાણી અને આ ટ્રેન્ડ જોતાં વાર્ષિક ધોરણે રૂ. ૮૫ની શેર દીઠ કમાણી જોવા મળે તોપણ નવાઈ નહીં લાગે. આઈપીઓ પછીના સમયગાળામાં આ શેરે તોતિંગ રિટર્ન આપ્યું. અત્યારના રૂ. ૧૩૩૧ના ભાવે પણ વેચવાની ઉતાવળ નહીં કરતાં અને આગામી દિવસોમાં રૂ. ૧૫૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.
- **અદાણીપોર્ટ,** ચાણક્યના છેલ્લાં થોડાંક અંક ફેરવશો તો દરેક અંકમાં આ શેર કવર કરવાનું લખ્યું છે અને તેમાં પણ જ્યારે શોર્ટટર્મ કરેક્શન દરમિયાન ઘટીને રૂ. ૩૮૭-૩૯૦ આવે ત્યારે તો ભારપૂર્વક લેવડાવ્યો હતો. રૂ. ૪૪૮ ઉપર આવ્યો છે. શોર્ટટર્મમાં ભલે ઉછાળાની જગ્યા મર્યાદિત હોય પરંતુ ઈન્વેસ્ટમેન્ટની રીતે અદાણી ગ્રૂપનો આ શેર જાળવી શકાય અને ૨ વર્ષ જાળવનારને સુંદર રિટર્ન છૂટવાની જગ્યા છે.
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન,** અગાઉ રૂ. ૪૧૦-૪૨૦ના ભાવે લેવડાવ્યો હતો. પરંતુ તે પછી ઘટીને રૂ. ૩૮૫-૩૯૨ ઉપર આવી ગયો છે. ઓએનજીસીવાળા પોતાની પાસેના ઈન્ડિયન ઓઈલના શેર વેચશે તે ભયને કારણે છેલ્લાં ઘણાં સમયથી આ શેરમાં નબળાઈ પરંતુ નફા અંગે આ શેરમાં ચિંતાનું કોઈ કારણ નથી. બમ્પર નફો આવવાની સંભાવના મજબૂત છે અને તેથી અત્યારના રૂ. ૩૯૨ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી શકાય. ૧૨ મહિને સુંદર રિટર્ન આપે.
- **બજાજ ફિનાન્સ,** છેલ્લાં થોડાં સમયથી આ શેરમાં નબળાઈ જોવાય છે. વાસ્તવમાં દિવાળી પહેલાં રૂ. ૧૯૮૯નું ટોપ બતાવેલું અને તે પછી આ શેરમાં નબળાઈનો તબક્કો જોવાયો. અત્યારના રૂ. ૧૭૩૮ના ભાવે આકર્ષક છે અને લોકોને ઉધારમાં લેવાની જે ટેવ પડી છે તેને કારણે આ કંપનીનો બિઝનેસ સતત વધતો રહેશે. શોર્ટટર્મ માટે ભલે લો. પરંતુ ખરેખરું રોકાણ ૧૨થી ૨૪ મહિના કરવું વધારે ફાયદાકારક રહેશે.
- **અલ્હાબાદ બેન્ક,** ભારત સરકારની મજબૂત બેન્ક. પરંતુ અત્યારે શેર ફક્ત રૂ. ૭૩ના નીચા ભાવે મળી રહ્યો છે. અગાઉ રૂ. ૯૨નું ટોપ બતાવ્યું હતું. બેન્કોના મર્જરમાં આ કંપનીને પણ ફાયદો થાય. રૂ. ૭૩ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય. ૨૦ ટકા વધવાની સંભાવના મજબૂત.
- **સિનજીન,** બાયોકોનની આ પેટા કંપનીનો શેર કવર કરવાનું છેલ્લાં ઘણાં સમયથી દર્શાવીએ છીએ. બાયોકોન વિવિધ કંપનીઓ માટે પોતે દવા બનાવે છે. જ્યારે સિનજીન વિશ્વભરની ટોચની કંપનીઓ માટે કોન્ટ્રાક્ટ ઉપર રિસર્ચ કરવાનું કામ કરે છે અને આ શેર રૂ. ૪૩૦ આસપાસ લેવડાવ્યો હતો અને અત્યારે રૂ. ૬૫૦ થયો છે અને આ શેરમાં હજી ઉછાળાની જગ્યા દેખાય છે. થોડાંક શેર લઈને મૂકી દેવાય.
- **ગુજરાત હેવી કેમિકલ્સ,** રૂ. ૩૫૨ ઉપર આવી ગયો છે. ક્લોર આલ્કલી બિઝનેસમાં જોવાતો સુંદર ઉછાળો. પરંતુ આ કંપનીની મુખ્ય નફાશક્તિ તેના હોમફર્નિશિંગ બિઝનેસમાં છે અને તેમાં પણ ધીરે ધીરે સુધારાનો ટ્રેન્ડ હવે જોવાય. મુખ્ય એક ગ્રાહક મુશ્કેલીમાં આવી પડતાં શેર ગબડી ગયો હતો પરંતુ હવે પરિસ્થિતિ સુધરી રહી છે. અત્યારના ભાવે ૧૦-૧૫ શેર મૂકી શકાય.
- **કેપીઆઈટી ટેકનોલોજી,** યુરોપની ઓટોમોબાઈલ કંપનીઓ માટે ખાસ પ્રકારના સોફ્ટવેર બનાવે છે અને યુરોપિયન ઓટોમોબાઈલ બિઝનેસ અત્યારે સોલિડ તેજીમાં. કેપીઆઈટી ટેકનોલોજીને મળતાં બિઝનેસમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ. રૂ. ૧૦૪ના તળિયા ઉપરથી સુધરીને અત્યારે રૂ. ૨૦૯-૨૧૦ ઉપર આવી ગયો છે અને આગામી સમયગાળામાં રૂ. ૨૨૦ આસપાસ થોડું થોડું પ્રોફીટ બુકીંગ શરૂ કરતા જવાય.

DYNAMIC INDUSTRIES LIMITED
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

સૂચના

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૯મી ફેબુઆરી,૨૦૧૮,શુકવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૧મી ડિસેમ્બર,૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક અને નવ મહિનાના સમયગાળા ના અનઓડીટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સ્થળ: અમદાવાદ
તારીખ : ૨ ફેબુઆરી,૨૦૧૮
સહી/-
ગણેશ રાજારામ ટેમકર
કંપની સેક્રેટરી

રેડેક્સ પ્રોટેક લિમિટેડ
Regd. Office: એ-૫,જયમંગલ હાઉસ આશ્રમ રોડ,ઓપીપી.ગાંધી ગ્રામ રેલ્વે સ્ટેશન, અમદાવાદ,ગુજરાત ૩૮૦૦૦૯
CIN : L31100GJ1991PLC016557 www.redexprotech.com
PH : 079-26584080 EMAIL : redex_92@yahoo.in

નોટિસ

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૭ તથા રેગ્યુલેશન ૨૯ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૧૨મી ફેબુઆરી,૨૦૧૮,સોમવારના રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ ઉપરના રજિસ્ટર્ડ ઓફિસ ના સરનામે મળશે. જેમાં ૩૧મી ડિસેમ્બર,૨૦૧૭ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક તથા નવ માસિક ગાળા ના અનઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે.

બોર્ડઑફ ડાયરેક્ટર્સના હુકમ થી
રેડેક્સ પ્રોટેક લિમિટેડ માટે
સહી/-
MR.GANESH BHAGAT
MANAGING DIRECTOR
DIN:00115076
તારીખ:૦૧.૦૨.૨૦૧૮
સ્થળ :અમદાવાદ

POLYLINK POLYMERS (INDIA) LIMITED
Registered Office: 229-230,Village: Valthera,
Taluka – Dholka,Distt. Ahmedabad, Gujarat 387810
CIN : L17299GJ1993PLC032905 E-MAIL: polylink@polylinkpolymers.com
PH : 079-26427800 Fax : 079-26421864 www.polylinkpolymers.com

NOTICE

Pursuant to Regulation 29 (1) of the SEBI (Listing obligation and Disclosure Requirements) regulations, 2015, Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is Scheduled on Wednesday 14th February, 2018 at 12.30 P.M. Inter alia to consider and take on record the Un-Audited Financial Results for the Quarter and Nine Month ended 31st December2017and other Business items

For Polylink Polymers (India) Limited
Sd /
Ankit Vageriya
Company Secretary
Date: 02.02.2018
Place: Ahmedabad